# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-09-2024** **MIDDAY : 1.20 to 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************************************

- ✓ વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકર આજથી જર્મનીની બે દિવસની મુલાકાતેઃ દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરશે
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સાયબર ગુન્હા અટકાવવા માટે સાયબર ફ્રોડ મિટિગેશન સેન્ટર (CFMC) રાષ્ટ્રને સમર્પિત કર્યું-
- ✓ મનિલામાં આવતી કાલે ભારત-ફિલિપાઈન્સ સંયુક્ત સંરક્ષણ સહકાર સમિતિની પાંચમી બેઠક યોજાશે.
- ✓ સાચી શિવસેના અંગે વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરનાં ચૂકાદાને પડકારતી અરજી પર સર્વોચ્ચ અદાલતમાં આજે સુનાવણી
- ✓ ભારતે સંયુક્ત રાષ્ટ્રનાં કાયમી સભ્યોનું પ્રતિનિધિત્વ વધારવા માંગણી કરી
- ✓ પેરિસ પેરાલિમ્પિક્સમાં 29 ચંદ્રકોની ઐતહાસિક સિધ્ધિ બાદ ભારતીય ખેલાડીઓ સ્વદેશ પરત ફર્યા

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## JAISHANKAR-GERMANY-VISIT

વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકર આજથી જર્મનીની બે દિવસીય મુલાકાતે જશે. બર્લિનની મુલાકાત દરમિયાન ડૉક્ટર જયશંકર દ્વિપક્ષીય સંબંધોની

સમીક્ષા કરવા અને સહયોગ માટે વધુ તકો ચકાસવાના ઉદ્દેશ્ય સાથે જર્મન ફેડરલ વિદેશમંત્રી અને અન્ય મુખ્ય નેતાઓને મળશે. વિદેશ મંત્રીની બર્લિનની મુલાકાત જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝની આગામી મહિને ભારતની પ્રસ્તાવિત યાત્રા માટેનો તખ્તો ઘડશે.

ઉલ્લેખનીય છે કે, જર્મની ભારતના મહત્ત્વના વેપારી ભાગીદારો પૈકીનું એક અને સીધા વિદેશી રોકાણ-FDIનું અગ્રણી સ્ત્રોત છે.

અગાઉ, ગઈ કાલે ડોક્ટર જયશંકરે પેલેસ્ટાઇનનાં મુદ્દે ભારતના સૈધ્ધાંતિક અને સાતત્યપૂર્ણ વલણનો પુનરોચ્ચાર કર્યો હતો અને શક્ય એટલી વહેલી તકે પ્રદેશમાં યુધ્ધવિરામની હાકલ કરી હતી. તેમણે જણાવ્યું કે, ગાઝાની વર્તમાન સ્થિતિ ભારતની પ્રાથમિક ચિંતા છે.

ત્રણ રાષ્ટ્રોની મુલાકાતનાં ત્રીજા અને અંતિમ તબક્કામાં ડોક્ટર જયશંકર 12 અને 13 સપ્ટેમ્બરનાં રોજ જિનીવાની મુલાકાત લેશે, જ્યાં તેઓ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનાં વડાઓ અને પ્રતિનિધીઓ સાથે બેઠક કરશે.

## UN- GAZA

સંયુક્ત રાષ્ટ્રના માનવાધિકાર પ્રમુખ વોલ્કર તુર્ક એ ફરી એકવાર ગાઝામાં સંઘર્ષનો અંત લાવવા હાકલ કરી છે. ગઈકાલે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર સમિતિના 57મા સત્રને સંબોધિત કરતાં શ્રી વોલ્કરે યુદ્ધનો અંત લાવવા તેમજ પ્રાદેશિક સંઘર્ષોનું નિરાકરણ લાવવાની પ્રાથમિકતા પર ભાર આપ્યો હતો.

## AMIT SHAH

**આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સાયબર ગુન્હા અટકાવવા માટે સાયબર ફ્રોડ મિટિગેશન સેન્ટર (CFMC) રાષ્ટ્રને સમર્પિત કર્યું- રાજ્યો અને કેન્દ્રીય પોલીસ માટેના 'સાયબર કમાન્ડો' કાર્યક્રમનું પણ ઉદ્ઘાટન કર્યું.**

**આ સેન્ટરમાં વેબ-આધારિત મોડ્યુલ સમન્વય, સાયબર ક્રાઈમ ડેટા રિપોઝીટરી, શેરિંગ, મેપિંગ અને એનાલિટિક્સ માટેનું પ્લેટફોર્મ તેમજ કાયદા અમલીકરણ એજન્સીઓ માટે સંકલન સાધનનો સમાવેશ થાય છે.**

**ગૃહમંત્રીએ સાયબર સુરક્ષાને વધારવા માટે રાજ્યો અને કેન્દ્રીય પોલીસ સંગઠનોમાં પ્રશિક્ષિત નિષ્ણાતોની પાંખની સ્થાપના કરીને 'સાયબર કમાન્ડો' કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું.**

**શ્રી શાહે, ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C)ના પ્રથમ સ્થાપના દિવસની ઉજવણીને પણ સંબોધિત કરી હતી.**

# DEFENCE-MANILA

મનિલામાં ભારત-ફિલિપાઈન્સ સંયુક્ત સંરક્ષણ સહકાર સમિતિની પાંચમી બેઠક આવતીકાલે યોજાશે. ભારતીય સંરક્ષણ સચિવ ગિરધર અરમાને અને ફિલિપાઈન્સના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલયના સચિવ ઈરીનો ક્રુઝ એસ્પિનો આ સંયુક્ત સંરક્ષણ સહકાર સમિતિની બેઠકની સહ-અધ્યક્ષતા કરશે.

શ્રી અરમાને બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગને વધુ મજબૂત કરવાના પગલાં અંગે ચર્ચા કરશે. તેઓ ફિલિપાઈન્સ સરકારના અન્ય મહાનુભાવોને પણ મળશે.

ઉલ્લેખનીય છે કે ફિલિપાઇન્સ અને ભારત વચ્ચે સંરક્ષણ સહયોગને મજબૂત કરવા માટે સંયુક્ત સંરક્ષણ સહકાર સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિની પ્રથમ બેઠક 2012માં મનિલામાં અને બીજી બેઠક 2017માં નવી દિલ્હીમાં મળી હતી.

ભારત અને ફિલિપાઈન્સ વચ્ચેના રાજદ્વારી સંબંધોના 75મા વર્ષની ઉજવણી અને ભારતની ACT-EAST નીતિના દસમા વર્ષની ઉજવણીને ધ્યાનમાં રાખીને શ્રી અરમાનેની મુલાકાત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

# PURI---UAE-MINISTER

કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપસિંહ પુરીએ ગઈ કાલે નવી દિલ્હીમાં સંયુક્ત આરબ અમીરાતના ઉદ્યોગ અને અત્યાધુનિક ટેકનોલોજી મંત્રી સુલતાન અહમદ અલ જબેર સાથે મંત્રણા કરી.

સોશિયલ મિડીયા પોસ્ટમાં શ્રી પુરીએ જણાવ્યું કે, તેમણે વ્યાપક ભાગીદારીને વધુ મજબૂત કરવાના ઉપાયો પર મંત્રણા કરી. બંને દેશો વચ્ચે હાઇડ્રોકાર્બન મુલ્ય શ્રુંખલા સહિતનાં પાસાઓ પર પણ વિચારણા કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# SC HEARING- MAHARASHTRA

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદનાં નેતૃત્વ હેઠળનાં જૂથને સાચી શિવસેના ગણાવતા વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરનાં ચૂકાદાને પડકારતી અરજી પર સર્વોચ્ચ અદાલત આજે સુનાવણી કરશે. શિવસેના ઉદ્ધવ બાલાસાહેબ ઠાકરે જૂથના નેતા સુનિલ પ્રભુએ આ અરજી કરી છે.

આ વર્ષે જાન્યુઆરી મહિનામાં મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાની બેન્ચે મુખ્યમંત્રી શિંદે અને તેમનાં જૂથનાં ૩૪ ધારાસભ્યોને નોટિસ પાઠવી હતી.

આ ઉપરાંત, એનસીપીનાં અજીત પવાર જૂથનાં ધારાસભ્યોને ગેરલાયક ઠરાવવાની માંગણી કરતી આવી અરજી પર પણ આજે સુનાવણી થશે. આ અરજી શરદ પવાર જૂથનાં નેતા જયંત પાટીલે કરી છે.

# WB-SWASTHYA-BHAWAN-RALLY

પશ્ચિમ બંગાળ જુનિયર ડૉક્ટર્સ ફ્રન્ટે રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણના વડામથક સ્વાસ્થ્ય ભવન ખાતે આજે બપોરે રેલીનું આહ્વાન કર્યું છે.

જુનિયર ડોક્ટરો આરોગ્ય સચિવ, આરોગ્ય શિક્ષણ વિભાગના નિયામક અને આરોગ્ય વિભાગના નિયામકને હટાવવાની માંગ કરી રહ્યા છે.

ગઈકાલે કોલકાતામાં  આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે આર.જી કર હોસ્પિટલમાં જ્યાં પીજી.ટી ડોક્ટરનો મૃતદેહ જે સેમિનાર હોલની અંદરથી મળી આવ્યો હતો તે હૉલના નવીનીકરણના કામના નામે, સેમિનાર હોલને  તોડી પાડવાની મંજૂરી આપનાર ટોચના અધિકારીઓને હટાવવાની માંગ કરી હતી

જુનિયર ડોક્ટરોએ આશંકા વ્યક્ત કરી છે કે ૯મી ઓગસ્ટે હોસ્પિટલમાં થયેલા દુષ્કર્મ  અને હત્યાના પુરાવાને નાબૂદ કરવા માટે આ તોડફોડ કરી હોવાનું જણાવ્યું હતું. જુનિયર ડોકટરોએ આ કેસની સીબીઆઇ તપાસમાં આ વ્યક્તિઓ અને કોલકાતા પોલીસના ડેપ્યુટી કમિશનર (ઉત્તર)ને સમાવવાની માંગણી કરી છે.

# UNSC INDIA

ભારતે, સંયુક્ત રાષ્ટ્રની સ્થાયી સભ્યોમાં આફ્રિકા ખંડની ભાગીદારી વધારવાની હિમાયત કરી છે સુરક્ષા પરિષદમાં રાજકીય વિસંગતતાના કારણે શાંતિ મંત્રણાના પ્રયાસોને માઠી અસર થઈ રહી છે.

યુ.એન સુરક્ષા પરિષદમાં નવ નિયુક્ત ભારતીય અધિકારી પી. હરિશે તેમના પહેલા સંબોધન જણાવ્યું કે, સુરક્ષા પરિષદમાં રાજકીય એકતાના અભાવે યુ.એનની શાંતિ મંત્રણાના પ્રયાસો પર નકારાત્મક અસર પડી રહી છે. કાયમી શ્રેણીમાં

સુરક્ષા પરિષદના કાયમી સભ્યોએ આજની વાસ્તવિકતાઓનું સક્રિય રીતે પ્રતિનિધિત્વ કરવાની જરૂર છે વિશ્વમાં શાંતિ મંત્રણા માટેના વિવિધ પ્રયાસો વધુ

મજબૂત કરવા અંગેની ચર્ચામાં ભાગ લેતા, શ્રી હરીશે નોંધ્યું હતું કે ભારત શાંતિ રક્ષામાં સૌથી મોટો ફાળો આપનાર દેશ છે, જેણે છેલ્લા સાત દાયકાઓમાં 50 થી વધુ મિશનમાં એક 2 લાખ 50 હજારથી વધુ સૈનિકો તૈનાત કર્યા છે.

# IND-PARALYMPIC-CONTINGENT-RETURNS

પેરિસ પેરાલિમ્પિક્સમાંથી ભારતીય ખેલાડીઓ આજે નવી દિલ્હી પરત આવ્યા છે. ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર ઢોલ-નગારા અને ફુલહાર સાથે તેમનું ઉમળકાભેર સ્વાગત કરાયું હતું. આ પેરાલિમ્પિક્સમાં ભારતે અત્યાર સુધીનું સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન કરી 7 સુવર્ણ, 9 રજત અને 13 કાંસ્ય સહીત કુલ 29 ચંદ્રકો જીતીને દેશ માટે નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે પૂર્વ મધ્ય પ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે. IMDએ કહ્યું કે આજે પશ્ચિમ મધ્ય પ્રદેશ, વિદર્ભ, ઓડિશા અને પૂર્વ ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદ પડશે. દરમિયાન, IMD એ આગામી 4 દિવસ દરમિયાન ઝારખંડ, પશ્ચિમ બંગાળનાં ગંગા નદીનાં વિસ્તારો, હિમાલયન પશ્ચિમ બંગાળ, બિહાર અને ઉત્તરપૂર્વ ભારતમાં ભારે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત પશ્ચિમી ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા, કોંકણ, ગોવા અને ગુજરાતમાં આવતીકાલ સુધી વરસાદ યથાવત રહેશે.

દક્ષિણ ભારતમાં, હવામાન વિભાગે આજે કેરળ, દક્ષિણ આંતરિક કર્ણાટક, તટીય આંધ્રપ્રદેશ, અને કર્ણાટકના દરિયાકાંઠા વિસ્તારોમાં વરસાદની આગાહી કરી છે. અઠવાડિયા દરમિયાન દિલ્હી-NCR સહિત પશ્ચિમ અને મધ્ય ભારતના ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

# PIB - FACT CHECK

પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો - PIBના ફેક્ટ ચેક યુનિટે સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં તિરાડો દેખાવાનું શરૂ થયું છે અને તે ગમે ત્યારે તૂટી શકે તેવા દાવાઓને ફગાવી દીધા છે.

ફેક્ટ ચેક યુનિટે કહ્યું કે સોશિયલ મીડિયા પર એક ફોટોગ્રાફ શેર કરવામાં આવી રહ્યો છે જેમાં પ્રતિમાના કેટલાક ભાગોમાં તિરાડો જોવા મળી રહી છે.

ફેક્ટ ચેક યુનિટે જણાવ્યું કે આ ફોટો 2018 માં સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ દરમિયાન લેવામાં આવ્યો હતો, જ્યારે કેટલાક ભાગો બનવાના બાકી હતા અને તેમાં તિરાડો દેખાય છે. સરકારે કહ્યું કે આ તસવીર ભ્રામક છે અને દાવો ખોટો છે.